**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૭૯ ટકા

# આજે શહેરમાં દેવ દિવાળી ઉલ્લાસપૂર્વક ઉજવાશે

## પંચદેવ મંદિર અગિયાર હજાર દિવડાઓથી ઝળહળશે

ગાંધીનગર, તા.૧૧

આજે કાર્તિક સુદ પૂનમના દિવસે દેવ દિવાળી ઉપરાંત શીખ ધર્મના પ્રથમ ગુરૂ ગુરૂ નાનકદેવજીની ૫૫૦મી જન્મજયંતિ છે. આ ભકિત ત્રિવેણીના સમન્વય સાથે શહેરમાં દેવ દિવાળીની ઉજવણી થશે. સે-૨૨સ્થિત પંચદેવ મંદિર અગિયાર હજાર દિવડાથી ઝળહળી ઉઠશે. શહેરમાં ફરીથી તહેવારનો માહોલ જોવા મળશે.

દેવ દિવાળીના દિવસ માટે માન્યતા છે કે, શંકર ભગવાને રાક્ષસ ત્રિપુરાસુરનો વધ આ દિવસે કર્યો હતો જેની ખુશીમાં દેવોએ સ્વર્ગલોકમાં દિવા પ્રગટાવી ઉત્સવ મનાવ્યો હતો. પછી દર વર્ષે આ દિવસને દેવ દિવાળી તરીકે ઉજવવામાં આવે છે.

આજના દિવસે દેવતા પૃથ્વી પર આવે છે એવું મનાય છે. આ દિવસનું મહાત્મ્ય છે કે, ગંગા સ્નાન કરવું, તુલસી પાસે દીવો પ્રગટાવવો, દીવા દાન કરવા જેનાથી લાંબુ આયુષ્ય પ્રાપ્ત થાય છે. પૂર્વ દિશા તરફ મોઢું રાખી દાન કરવાથી ઈશ્વરની કૃપા પ્રાપ્ત થાય છે.

શહેરમાં આજે તહેવારનો માહોલ જોવા મળશે. ઘરે ઘરે દિવા પ્રગટશે. શહેરના મંદિરોમાં દેવનો શણગાર થશે. અમુક મંદિરોમાં અન્નકૂટ પણ ધરાવવામાં આવશે. શહેરના મંદિરોમાં ભાવિકોની ભીડ જામશે. આ સાથે ખાસ પંચદેવ યુવક મંડળ દ્વારા અગિયાર હજાર દીવડાથી પંચદેવ મંદિરમાં રોશની કરવામાં આવશે.



## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**હાઉસફુલ-૪**
૧.૧૦, ૭.૦૦
**બાલા**
૮.૫૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧.૩૦, ૨.૩૦, ૪.૨૦, ૫.૨૦, ૮.૧૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**સાંઢ કી આંખ** - ૪.૩૦
**સેટલાઈટ શંકર**
૧.૪૦, ૭.૪૦
**બાયપાસ રોડ**
૧૦.૪૫, ૧૦.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૧૦.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૧૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**બાલા**
૯.૦૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૧.૦૦, ૨.૨૫, ૩.૫૦, ૫.૧૦, ૬.૪૦, ૭.૫૫, ૯.૩૦, ૧૦.૪૦
**સેટલાઈટ શંકર**
૩.૧૫, ૧૦.૪૫
**બાયપાસ રોડ**
૧૨.૨૦, ૬.૦૫
**વોર** - ૧૧.૫૫
**હાઉસફૂલ-૪**
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૯.૦૦, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૩૦, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**બાલા**
૯.૦૦, ૧૧.૩૫, ૨.૨૫, ૪.૩૦, ૫.૧૫, ૮.૦૫, ૧૦.૧૫, ૧૦.૫૫
**સેટલાઈટ શંકર**
૧૨.૪૫, ૫.૦૦
**બાયપાસ રોડ**
૯.૫૦, ૧.૪૦, ૭.૨૦
**મેડ ઈન ચાઈના** - ૧૧.૦૦
**સાંડ કી આંખ** - ૩.૩૫
**હાઉસફૂલ-૪**
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૫, ૧૧.૫૦, ૨.૨૫, ૭.૫૦, ૧૦.૩૦

## ''ભારતીય ગણિત''ના ઈતિહાસના સંશોધન માટે આઈઆઈટી ગાંધીનગરને ઈન્ફોસિસના સહસંસ્થાપકની મદદ

ગાંધીનગર, તા. ૧૧

આઈઆઈટી ગાંધીનગરે ઈન્ફોસીસના સહ-સંસ્થાપક ક્રિસ ગોપાલકૃષ્ણન તરફથી મળેલી મોટી ગ્રાન્ટની મદદથી ભારતીય ગણિતના ઈતિહાસ પર એક મોટો પ્રોજેક્ટ શરૂ કરવાની જાહેરાત કરી છે.

આ પ્રોજેક્ટના ભાગરૂપે ગણિતના ઘણા પાયામાં ભારતે મોટો ફાળો આપ્યો છે, જેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવતો નથી અથવા વ્યાપકપણે જાણીતો નથી. આ મદદ માટે અમે ક્રિસ ગોપાલકૃષ્ણનના આભારી છીએ, જે ભારતીય ગણિતના ઈતિહાસનો વ્યવસ્થિત અભ્યાસ કરવામાં




આઈઆઈટી ગાંધીનગર પ્રોગ્રામ્સ વિકસાવાશે અને સંશોધન વિદ્વાનો, પરિષદો, પ્રકાશનો વગેરેને પ્રોત્સાહન અપાશે અને સંખ્યા પદ્ધતિઓ, ભૂમિતિ, બીજગણિત, ત્રિકોણિતિ અને અલ્ગોરિધમ પદ્ધતિઓ માટેના વ્યાપક અને પાયારૂપ ભારતીય યોગદાનની વૈશ્વિક જાગૃતિ અને સમજને વિસ્તૃત કરશે.

આઈઆઈટી ગાંધીનગરના ડિરેક્ટર સુધીર કે જૈને કહ્યું હતું કે, ''આધુનિક અને ભારત અને વૈશ્વિક સ્તરે આ યોગદાનનો પ્રસાર કરવા માટે અમને સહાયરૂપ થશે.''

ગોપાલકૃષ્ણને કહ્યું કે, ''ભારતીય લોકો દ્વારા ગણિતના વિકાસમાં ઈ.સ.પૂર્વે ૮મી સદીથી લઈને ૨૦મી સદી સુધીના નોંધપાત્ર યોગદાનને વધુ સારી રીતે સમજવા અને તે અંગે વ્યાપક જાગૃતિ લાવવા માટે હું આ પ્રોજેક્ટને ટેકો આપીને આનંદ અનુભવું છું. મને વિશ્વાસ છે કે આઈઆઈટી ગાંધીનગર આ ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરશે.''



ગાંધીનગર ખાતે સચિવાલય ગેટ નં. ૧ની સામે ટ્રાફિક પોલીસ દ્વારા નડતરરૂપ વાહનો સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ટ્રાફિકને અડચણરૂપ માર્ગ પર આડેધડ મૂકવામાં આવેલા વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. જેને પગલે વાહનચાલકોમાં દોડધામ મચી જવા પામી હતી.

## ૩૫ વર્ષ ઉપરના તથા વરિષ્ઠ નાગરિકો માટે રાજય કક્ષાની માસ્ટર એથ્લેટીક સ્પર્ધા જોગ

ગાંધીનગર, તા.૧૧

૩૯મી ગુજરાત રાજય માસ્ટર એથ્લેટીક ચેમ્પીયનશીપ તા. ૧૬ અને ૧૭ નવેમ્બર, ૨૦૧૯ દરમ્યાન શ્રી મ્યુનિસિપલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ, ઉપલેટા, જિલ્લો રાજકોટ ખાતે યોજાનાર છે.

ગુજરાત રાજયના માસ્ટર એથ્લેટીક એસોશિએશન ઓફ ગુજરાતના જનરલ સેક્રેટરી શ્રી આઈ. યુ. સીડાએ જણાવ્યું છે કે, આગામી રાષ્ટ્ર કક્ષાની નેશનલ સ્પર્ધા મણીપુર રાજયના ઈમ્ફાલ ખાતે આગામી તા. ૯ થી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ દરમ્યાન યોજાનાર છે. આ ચેમ્પીયનશીપમાં ૩૫ થી ૯૦ વર્ષથી ઉપરના કોઈ પણ ખેલાડી ભાઈ-બહેનો એથ્લેટીકની દોડ, કૂદ અને ફેક ઈવેન્ટમાં ભાગ લેવા માંગતા હોય તો તેઓએ પોતાના જિલ્લા સેક્રેટરી મારફત એન્ટ્રી મોકલી આપવાની રહેશે. વિશેષ માહિતી માટે મોબાઈલ નંબર ૯૪૨૬૫ ૬૩૩૩૧ અને ૯૦૯૯૮ ૯૮૨૮૮ નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

## માહિતી ખાતાના નિવૃત્ત કર્મચારીઓ-અધિકારીઓનું સ્નેહમિલન યોજાયું



ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજયના માહિતી ખાતાના નિવૃત્ત અધિકારીઓનું સ્નેહમિલન ગાંધીનગર ખાતે ગઈકાલે પૂર્વ અધિકારી પ્રકાશભાઈ લાલાના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયુ. પંચાયત પરિષદના હોલમાં યોજાયેલા આ સ્નેહમિલન સમારંભમાં મોટી સંખ્યામાં માહિતી ખાતાના નિવૃત અધિકારીઓ તથા કર્મચારીઓ જોડાયા હતા.

સ્નેહમિલન સમારંભના અધ્યક્ષ પ્રકાશભાઈ લાલાએ સૌને દિવાળી તથા નૂતન વર્ષની શુભેચ્છા પાઠવતાં વર્ષ દરમ્યાન નિવૃત્ત અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા બે પ્રવાસના આયોજનની જાહેરાત કરી હતી જે પૈકી પ્રથમ પ્રવાસ ડિસેમ્બર માસમાં યોજાશે. તેમણે આ પ્રસંગે મંડળની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે એમ.પી. કાકડીયાભાઈ દ્વારા મંડળના વાર્ષિક હિસાબો રજૂ કરાયા હતા. સ્નેહમિલન સમારંભમાં પૂર્વ નાયબ માહિતી સૂર્યકાન્ત બારોટ, ઉપરાંત એલ.આર. રાજપૂત, નાયકભાઈ, શકુંતલાબેન ગોર, વિનોદસિંહ રાઠોડ સહિત ૫૦ થી વધુ નિવૃત્ત કર્મચારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમ દરમ્યાન વર્ષ દરમ્યાન અવસાન પામેલા સભ્યોને યાદ કરી તેમના માનમાં બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સ્નેહમિલન સમારંભમાં સમૂહ ભોજન એલ.આર. રાજપૂત દ્વારા યોજવામાં આવ્યુ હતુ. કાર્યક્રમના સમાપને સૂર્યકાન્ત બારોટે આભારદર્શન વ્યક્ત કર્યુ હતુ.

## 'કિલ ડાયાબિટીસ' માટે હજારો રનર્સ રિવરફ્રન્ટની કેડી મેરેથોનમાં દોડયા




ગાંધીનગર, તા.૧૧

રવિવારે સવારે 'કિલ ડાયાબિટીસ' થીમ પર સાબરમતી રિવરફ્રન્ટ પર હજારો રનર્સે કેડી મેરેથોનમાં દોટ મુકી હતી. ૨૧.૦૯૭ કિમી હાફ મેરેથોન, ૧૦ કિમી અને પાંચ કિમીની વિવિધ સ્પર્ધાની આ કેડી મેરેથોનને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા, રિલાયન્સના પ્રેસીડેન્ટ પરિમલ નથવાણી અને કેડી હોસ્પિટલના ડૉ. કેતન દેસાઈએ ફલેગ ઓફ કરાવ્યું હતું.

રેડિયો મિર્ચિના આર.જે. ધ્વનીતે સૌને બુસ્ટ અપ કર્યા તો ઝુમ્બા માસ્ટર અમૃતાએ સૌને વૉર્મઅપ કરાવ્યા. ગાંધીનગર રનર્સ ગ્રુપના જગત કારાણી, સંજય થોરાત, ડૉ. વિવેક ત્રિવેદી, રમેશબાબુ ગટ્ટુ, દિલીપ શર્મા, બિજુ પિલ્લાઈ, સંજયસિંહ, ક્રિપાલસિંહ, ધવલસિંહ, ભરત પટેલ, મયંકા શર્મા, રાજેશ્રી પરમાર, આસુતોષ જોષી, રજનીકાન્ત પરમાર વગેરેએ ભાગ લઈ ફિનીશરનો મેડલ મેળવ્યો હતો. ગાંધીનગરના હરિશચંદ્રએ ૫૦થી વધુ વયની કેટેગરીમાં દ્વિતીય જયારે સીતા ચારેલને ૨૦ થ ૪૦ વયની કેટેગરીમાં તૃતીય ઈનામ મેળવીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યુ છે. એમને રોકડ પુરસ્કાર અને મેડલ મેળવ્યો હતો. બે રનર્સનો વિજયી દેખાવ થતા ગાંધીનગર શહેર ગૌરવની લાગણી અનુભવે છે.

## શ્રી ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળનો સ્નેહ મિલન કાર્યક્રમ ડિસેમ્બરમાં યોજાશે

ગાંધીનગર, તા.૧૧

શ્રી ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળનું બે વર્ષનું સંયુક્ત સ્નેહ મિલન – ૨૦૧૯ તા. ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ સેકટર-૧૬, રંગમંચ, ગાંધીનગર ખાતે બપોરના ૨.૦૦ કલાકે યોજાશે.

જેમાં ગોલ્ડ-સિલ્વર મેડલ અને પ્રોત્સાહક ઈનામ માટે વર્ષ ૨૦૧૭-૧૮ અને વર્ષ- ૨૦૧૮-૧૯ એમ બે વર્ષની માર્કશીટ પાછળ વાલીનું નામ, સરનામું અને મોબાઈલ નંબર લખીને તા.૧ ડિસેમ્બર, ૨૦૧૯ સુધીમાં શ્રી ચંન્દ્રકાન્તભાઈ કે. સોની, હિના જવેલર્સ, સેકટર-૬/બી, ગ-૨ સર્કલ પાસે, મોબાઈલ નંબર-૯૭૩૭૯૧૧૩૩૨ ખાતે તમામ જ્ઞાતિજનોને મોકલી આપવાની રહેશે. સાંસ્કૃતિક કાર્યક્રમ અને વિવિધ રમતોમાં ભાગ લેવા ઈચ્છુકોએ પોતાનું નામ, કાર્યક્રમની વિગત અને મોબાઈલ નંબર શ્રી પંકજભાઈ એ. સોની (મોબાઈલ - ૯૪૨૭૩૦૦૭૪૧) અને શ્રી પંકજભાઈ એન. સોની (મોબાઈલ – ૯૪૨૮૪૧૨૬૮૮) ને તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૯ સુધીમાં નોંધાવી લેવા વિનંતી છે. તેમજ જ્ઞાતિજનોએ પોતાના ભોજન પાસ ટોકન ફી રૂપિયા ૫૦/- ચુકવીને આસપાસના મંડળના પ્રતિનિધિ/સેકટર-પ્રતિનિધિ પાસેથી તા. ૧ થી ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ સુધીમાં મેળવી લેવાના રહેશે. ચિત્રકામ સ્પર્ધાનું સંચાલન મંડળના ઉપપ્રમુખ શ્રી મહેશભાઈ સી. સોની (મો- ૯૪૨૮૮ ૧૪૨૦૫ ) કરશે. આ સ્નેહ મિલન કાર્યક્રમમાં સમાજના સર્વે બંધુઓને સહભાગી થવા માટે મંડળના હાદ્દેદારોએ જણાવ્યું છે.

## સમસ્ત ખડાયતા સમાજ દ્વારા કોટિયર્ક ઉત્સવ ઉજવાયો

### કાર્યક્રમમાં સર્વ સંમતિથી નવા પ્રમુખ તથા કારોબારીની રચના કરવામાં આવી

ગાંધીનગર, તા.૧૧

સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત દ્વારા શનિવારના રોજ કોટિયર્ક પ્રભુના પ્રાગટય દિવસની ઉજવણી નિમિત્તે 'કોટિયર્ક ઉત્સવ' ઉજવવામાં આવ્યો હતો. જેમાં કોટિયર્ક પ્રભુની આરતીમાં ઉપસ્થિત સૌએ ભાવપૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત સર્વ સંમતિથી સમાજની નવી કારોબારીની રચના કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઉત્સવના શુભેચ્છકોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં માજી પ્રમુખ ડી.એફ. શાહ સમાજના કાર્યકર જે.ઓ. શાહને પ્રમુખ બનાવવાનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. સર્વ સંમતિથી વર્ષ ૨૦૧૯-૨૧ના નવા પ્રમુખ તરીકે તેમની વરણી કરવામાં આવી હતી અને સમાજ નવા પ્રમુખ જે.ઓ. શાહ દ્વારા નવીન કાકોબારીની રચના કરાઈ હતી. જેમાં ટ્રસ્ટી સલાહકાર તરીકે પ્રકાશભાઈ એચ. શાહ, ઉપપ્રમુખ રાજુભાઈ વી. મહેતા, સંજય જે. શાહ, મયુરભાઈ એ. શાહની વરણી કરવામાં આવી હતી તથા મહામંત્રી તરીકે વિપુલ આર. ગાંધી, સહમંત્રી સજય આઈ. શાહ, સંજય એમ શાહ, સંગઠન મંત્રી તરીકે નિમેષ સી. શાહ, સાંસ્કૃતિક મંત્રી વૃશાંગ ઠેકડી, ખજાનચી તરીકે પ્રદિપ જી. શાહ, બી.જે. શાહ, કારોબારી સભ્ય તરીકે મયુરભાઈ જી. શાહ, તુષાર ડી. શાહ, મનિષ એચ. શાહ, શીતલ જી. શાહ અને મહિલા પ્રતિનિધિ તરીકે અમીબેન એમ. શાહ, બેલાબેન પી. શાહ, ફાલ્ગુનીબેન જે. ગાંધી તથા બેલાબેન કે. શાહની નિમણુંક કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન તથા આખા વર્ષની કામગીરીનો અહેવાલ મહામંત્રી વૃશાંગ જે. ઠેકડી દ્વારા રજુ કરવામાં આવ્યો હતો તથા સમાજના ચાલુ પ્રમુખ એમ.એન. શાહ દ્વારા પ્રેરક ઉદબોધન કરવામાં આવ્યું હતું.

# જીવનની દરેક સમસ્યાનો હલ ભગવદ્ ગીતામાં : પૂ. ઊષાદીદી

### શહેરમાં આગામી તા. ૧૬ થી ૨૦ નવેમ્બર દરમિયાન 'શ્રીમદ્ ભગવદ્ ગીતાના અદભૂત રહસ્યો' તા. ૧૭ થી ૨૦ નવેમ્બર દરમિયાન 'પારિવારિક શાંતિ' અંગે બ્રહ્માકુમારીઝની શિબિરોનું આયોજન : બંને શિબિરના વકતા પૂ. ઊષાદીદી રહેશે

ગાંધીનગર, તા.૧૧

'આજની યુવા પેઢીને દિશા નિર્દેશની ખૂબ જરૂર છે કેમ કે નવી પેઢી મનમાની કરી રહી છે. નવી પેઢી એ તેમને ગેરમાર્ગે દોરી રહેલા 'શકુનિ'ની ઓળખ કરવાની જરૂર છે.' તાજેતરમાં અમેરિકાના કેલિફોર્નિયામાં ૮મા ગોડ એવોર્ડ સેરેમનીમાં 'ગ્લોબલ સ્પિરિચ્યુએલ એન્ડ વેલનેસ એવોર્ડ' પ્રાપ્ત કરનાર બ્રહ્માકુમારીઝના જાણીતા આંતરરાષ્ટ્રીય વકતા પૂ. ઊષાદીદીએ આજે ગાંધીનગરમાં સે-૨૮ ખાતે બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિદ્યાલયમાં પત્રકારો સાથે વાત કરતા ઉપરોકત શબ્દો કહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બ્રહ્માકુમારીઝ દ્વારા ગાંધીનગર સેવા કેન્દ્રમાં ૪૦મા સ્થાપના દિન નિમિત્તે આગામી તા. ૧૬ થી ૨૦ નવેમ્બર દરમિયાન દરરોજ રાત્રે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન સે-૨૮ના રંગમંચ ખાતે ઊષાદીદીની અમૃતવાણીમાં 'શ્રીમદ્ ભગવદ્ ગીતાનું અદભૂત રહસ્ય' તથા તા. ૧૭ થી ૨૦ નવેમ્બર દરમિયાન દરરોજ સવારે ૬.૩૦ થી ૮ કલાકે 'પારવારિક શાંતિ અને પરમાત્મ અનુભુતિ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. બંને શિબિરમાં પ્રવેશ વિના મૂલ્યે અપાશે.

પૂ. ઉષાદીદીએ જણાવ્યું હતું કે 'ભગવદ્ ગીતામાં જીવનના દરેક સ્તરની સમસ્યાનો ઉકેલ છે. ભારતીય સંસ્કૃતિમાં પાંચ હજાર વર્ષ પૂર્વે ઋષિ મુનિઓએ સમાધિ અવસ્થામાં સંસારની અત્યારની સમસ્યાઓનો પણ ઉકેલ શોધ્યો હતો જેને અમે શિબિરમાં 'ડીકોડ' કરીશું.' આ શિબિરમાં પાંચ હજારથી વધુ



શિબિરાર્થીઓનું રજીસ્ટ્રેશન થઈ જવા પામ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૧૬મી અને તા. ૧૭મી નવેમ્બરથી ગાંધીનગરમાં પ્રારંભ થઈ રહેલ બ્રહ્માકુમારીઝની બંને શિબિરના મુખ્ય વકતા પૂ. ઊષાદીદી છે. 'શ્રીમદ્ ભગવદ્ ગીતા કા અદભૂત રહસ્ય' શિબિરમાં ગીતાના વિવિધ યોગ વર્તમાન સમયની સમસ્યઓના સંદર્ભમાં કેવી રીતે માર્ગદર્શક બને છે તે અંગે આધ્યાત્મિક વિચાર પ્રસ્તુત કરાશે જયારે 'પારવારિક શાંતિ અને પરમાત્મા અનુભૂતિ શિબિર'માં તેઓ તણાવ મુકત જીવનથી શરુ કરીને ભય અને ક્રોધ મુકત જીવન તથા સકારાત્મક જીવનના પાઠ ભણાવશે. રાજયોગિની પૂ. ઊષાદીદી ૩૫ વર્ષથી બ્રહ્માકુમારીઝ સાથે જોડાયેલા છે. દેશ વિદેશમાં શૈક્ષણિક સંસ્થાઓથી માંડીને કોર્પોરેટ કંપનીઓમાં પણ તેઓ વકતવ્યો આપવા સાથે વિવિધ શિબિરો લઈ રહ્યા છે. આ પ્રસંગે ઉપસ્થિત બ્રહ્માકુમારીઝના ગાંધીનગર કેન્દ્રના મુખ્ય સંચાલિકા રાજયોગિની પૂ. કૈલાશદીદીએ સ્વાગત પ્રવચન કરતા સૌને દિવાળી તથા નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી તથા આ બંને નિઃશુલ્ક શિબિરનો શહેરના નાગરિકોએ લાભ લેવા જાહેર અનુરોધ કર્યો હતો.